1. રાજા રામમોહનરાયે કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?

- રાજા રામમોહનરાયે સામાજીકધાર્મિક સુધારણાનાં આદોલન ચલાવવા માટે 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી હતી.

2. રાજા રામમોહનરાયને ''રાજા''ની પદવી કોણે આપી હતી ?

- દિલ્હીના મુઘલ બાદશાહ બહાદુરશાહે રામમોહનરાયને રાજા''ની પદવી આપી હતી.

3. જયોતિરાવ ફુલેનો જન્મ કયા પરિવારમાં થયો હતો?

- જયોતિરાવ ફુલેનો જન્મ માળી પરિવારમાં થયો હતો.

4. આર્યસમાજના સ્થાપક કોણ હતા?

- સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી હતી.

5. રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરી હતી ?

- રામકૃષ્ણ મિશનની સ્થાપના સ્વામી વિવેકાનંદે કરી હતી.

6. રાજા રામમોહનરાયે કઈ ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું?

- રાજા રામમોહનરાયે બંગાળી, ઉર્દુ, સંસ્કૃત , ગ્રીક , હિબ્રૂ, લેટિન, ફારસી, અરબી અને અંગ્રેજી ભાષા ઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું.

7. આર્યસમાજે સમાજસુધારણાની કઈ પ્રવૃત્તિઑ હાથ ધરી ?

- આર્યસમાજે બાળલગ્ન વિરોધી, વિધવા વિવાહ ને ઉતેજન , કન્યા કેળવણી, દલિતોના ઉદ્ધાર વગેરે માટે સમાજ સુધારણાની પ્રવુતિઓ હાથ ધરી.

8. સ્વામી દયાનંદ સરસ્વતીએ શાથી ''શુદ્ધિ ચળવળ'' શરૂ કરી ?

- સ્વામી દયાનંદ સરસ્વતીએ ધરમાંતરિત થયેલા હિન્દુ ઑ ને હિન્દુ ધર્મમાં પાછો લાવવા માટે "શુદ્ધિ ચળવળ'' શરૂ કરી.

9. રામકૃષ્ણ મિશન સેવા આદર્શમાં માને છે?

- રામકૃષ્ણ મિશન 'સેવા દ્વારા સુધારણા'ના આદર્શ માં મને છે.

10. રામકૃષ્ણ પરમહંસના જીવન સંદેશના પ્રચારનું કાર્ય ક્યાં સામયિકો કરે છે ?

- અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતું 'પ્રબુદ્ધ ભારત' અને બંગાળીમાં પ્રસિદ્ધ થતું 'ઉદબોધન' રામકૃષ્ણ પરમાસના જીવન સંદેશનો પ્રચાર નું કાર્ય કરે છે.

11. નારાયણ ગુરુએ લોકોને શો ઉપદેશ આપ્યો ?

- નારાયણ ગુરુએ લોકોને એક જ જ્ઞાતિ, એક જ ધર્મ અને એક જ 'ઈશ્વરમાં માનવાનો' ઉપદેશ આપ્યો.

12. શ્રી અરવિંદની યોગસાધનામાં કોણ સહાયક બન્યું?

- માનવજાતિને દિવ્યતા અર્પણ કરવા માટેની શ્રી અરવિંદની યોગસાધના માં ફ્રાન્સથી ખાવેલાં શ્રી માતાજી (મીરા આલ્ફાન્સા) સહાયક બન્યો.

13. નારાયણ ગુરુએ કન્યા કેળવણી માટે કઈ સંસ્થા સ્થાપી હતી?

- નારાયણ ગુરુએ કન્યા કેળવણી માટે 'શ્રી નારાયણ ધર્મ પરંપાલન યોગમ' નામની સંસ્થા સ્થાપી હતી.

14. કુન્દરિ વીરેસલિંગમે સમાજસુધારણા માટે કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?

- કુન્દ્રકુરિ વીરેસલિગમે સમાજ સુધારણા માટે "રાજમૂન્દ્રી સોશિયલ રિફોર્સ એસોસિયેશન"ની સ્થાપના કરી હતી.

15. "થિયોસોફી" શબ્દનો શો અર્થ થાય છે ?

- ગ્રીક ભાષામાં "થીયો" એટલે "ઈમાર અને સોફીયા" એટલે જ્ઞાન. જેના પરથી "થીયોસોફી" શબ્દનો અર્થ "ઈશ્વર સંબંધી જ્ઞાન" અથવા "બ્રહ્મ"એવા થાય છે.

16. એની બેસન્ટ વિશ્વબંધુત્વનો આદર્શ ફેલાવવા કઈ સંસ્થા સ્થાપી હતી ?

- એની બેસન્ટ વિશ્વબંધુત્વનો આદર્શ ફેલાવવા માટે બનારસ હિન્દુ, યુનિવર્સિટીની સ્થાપના કરી.

17. વહાબી આંદોલન કોણે શરૂ કર્યું હતું?

- સૈયદ અહમદ બરેલવીની નેતાગીરી નીચે સમાજસુધારણા માટે વહાબી આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું.

18. રાજા રામમોહનરાય ની વિચારસરણી માં ક્યાં ધર્મ ની વિચારસરણી જોવા મળે છે?

- રાજા રામમોહનરાય ની વિચારસરણી માં વેદાંત ધર્મ, ઈસ્લામ, અને ખ્રિસ્તી ધર્મ ના સિધાન્ત ની સંયુક્ત અસર જોવા મળે છે .

19. સતીપ્રથા ઉપર પ્રતિબંધ કોણે ખૂકયો ?

- રાજા રામમોહનરાય ની ભલામણને આધારે વિલિયમ બેન્ટિકે સતી પ્રથા પર પ્રતિબંધ મુકતો કાયદો ઈ. સ. 1529માં પસાર કરી પ્રતિબંધ મુકયો.

20. જયોતિબા ફુલેએ કયાં કયાં ગ્રંથો પ્રકાશિત થયાં હતાં?

- જયોતિબા ફૂલે એ મેં "ધર્મ તૃતીયરત્ન" , શિવાજી કીજીથની" અને "ગુલામગીરી" નામના ગ્રંથો પ્રકાશિત કર્યા.

21. સ્વામી વિવેકાનંદે કયાં કયાં દેશોની મુલાકાત લીધી હતી ?

- સ્વામી વિવેકાનંદે ગ્રીસ, તુર્કસ્તાન , મિસર, ચીન અને જાપાન વગેરે દેશોની મુલાકાત લીધી હતી.

22. રામકૃષ્ણ મિશને જહાલવાદી કયા નેતાઓ સમાજને આપ્યાં હતાં?

- રામકૃષ્ણ મિશન સીસ્ટર નિવેદિતા, બી, સી, પાલ જેવા જહાલવાદી નેતાઓ સમાજને આપ્યા.

23. મુસ્લિમ સુધારણાની પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર કયું શહેર હતું?

- મુસ્લિમ સુધારણાની પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર અલીગઢ શહેર હતું .

24. શીખ સમાજ સુધારણાની ચળવળ કયા નામે જાણીતી બની?

- શીખ સમાજ સુધારણાની ચળવળ ''અકાલી ચળવળ'' તરીકે જાણીતી બની.

25. તાજેતરમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાનોમાં કેટલા ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે?

- તાજેતરમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માં 33% બેઠકો અનામત રાખવામાં આવે છે.